

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતિ વર્ષ)*

*માટીમાંથી જન્મ્યાં અને માટીમાં જ રમ્યાં,*
*કર્યાં કામ થયાં માટી, જિંદગી આખી ભમ્યાં,*
*ખમ્યાં દુખને આઘાત નમ્યાં કોઈને ગમ્યાં -*
*રમકડાં માટીનાં ઝઝૂમ્યાં ને માટીમાં સમ્યાં...!*

હાઈકુ

*ચાખી લ્યો સ્વાદ!*
*ખાદ્ય અને ખાનાર -*
*અંતે તો માટી!*

*ભેદ ન કોઈ*
*આકાર-નિરાકાર -*
*છે સર્વ માટી!*

### ચિંતન

*વિ મે કર્ણા પતયતો વિ ચક્ષુર્વીદં જ્યોતિર્હૃદય આહિતં યત્ ।*
*વ મે મનશ્ચરતિ દૂરઆધીઃ કિં સ્વિદ્વક્ષ્યામિ કિમુ નૂ મનુષ્યે ॥*

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

મનુષ્યોની ઈન્દ્રિયો ક્યારેય એક જ દિશામાં સ્થિર રહેતી નથી. અવસર મળતાં જ તે વિષયો તરફ આકર્ષાય છે. એટલા માટે મનુષ્યે પોતાની ઈન્દ્રિયોની વિષયવાસના વૃત્તિથી બચવા હંમેશા સાવધાન રહેવું જોઈએ.

મન પરનો સંયમ સૌ માટે જરૂરી છે. આત્માની ઉન્નતિ કરવા ઈચ્છતી દરેક વ્યક્તિ સાથે તેનો ગાઢ સંબંધ છે. આંતરિક જીવનના પાલન માટે તથા ધર્મના વ્યવહારિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે મનની આ પ્રકારની સમસ્યાઓ સામે લડવું જ પડે છે. મનના નિયંત્રણ વગર મનુષ્યનું અથવા સમાજના ગુણાત્મક વિકાસનું પાયાનું કાર્ય યોગ્ય રીતે ક્યારેક પરિપૂર્ણ થઈ શકતું નથી.

ઈન્દ્રિયો પરનો સંયમ અને પવિત્ર જીવન જ આપણને મુક્તિ અપાવે છે.

### સુવિચાર

- જીભના વેગને રોકો, સ્વાદને રોકો, ભોજન કરવું એ પદાર્થ નથી, પ્રસાદ છે - **માનસ ગંગા**
- જ્યાં સુધી કસોટી કસોટી લાગે ત્યાં સુધી સાધના અધૂરી છે, કસોટી પણ જ્યારે કૃપા લાગે ત્યારે સાધના બને છે - **જીવન પાથેય**
- એકાદશીનો ઉપવાસ કરો અને આખા ઘરને હેરાન કરો તે તપ નહીં પણ હિંસા છે, વિકારોને આવેગોને સહી લેવા તે પણ તપ છે - **જીવન પાથેય**
- અસૂરને સૂર બનાવે તે ઉપાસના - **એસ. ભટ્ટાચાર્ય**
- જેને કાંઈ નથી જોઈતું તે 'સાધક' - **શ્રીરામ શર્મા**
- પ્રકાશ ગમે તેટલો હોય, પણ આંખ ન હોય તો દેખાય નહીં, જ્ઞાન પ્રકાશ છે, ભક્તિ આંખ છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : દસ મિલિ જેટલો પપૈયાના પાનનો રસ સવાર-સાંજ પીવાથી લોહીમાં ખાંડનું પ્રમાણ નિયંમિત્ર થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગામના વડીલ એંસી વરસે પણ ઘણી ફાલતું વાતોની ફરિયાદ કર્યા કરતા. એમના નકારાત્મક વલણથી લોકો કંટાળી એમને સાંભળવા માટે તૈયાર ન હતા. એમના પરિવારજનો પણ એમનાથી દૂર ભાગતા. એકવાર અચાનક એ વડીલ ખુશ જોવા મળ્યા. તેમને કોઈને માટે કોઈ ફરિયાદ ન હતી. સૌને સહકારની ભાવના સાથે કંઈક સકારાત્મક વ્યવહાર કરતા જોવા મળ્યા. લોકોને એ વડીલના વર્તનની નવાઈ લાગી. એમાના બેત્રણ માણસો. એમને રૂબરૂ મળવા જઈને પૂછ્યું, 'દાદા, આજે એવી તો શું ઘટના બની છે તમારી સાથે? આજનો આપનો અભિગમ કંઈક અલગ જ દેખાય છે??'વડીલે નિખાલસ ભાવ સાથે આપતા કહ્યું, 'ભાઈઓ, આજે મને એકાએક એવો અહેસાસ થયો કે એંસી વર્ષથી હું જે સુખનો પીછો પકડીને દોડતો હોત. સંતત હાય-વોય કરતો હતો. નકામા વિચારોને મહત્વ આપી નકારાત્મક વલણ અપનાવતો હતો. એ બધું જ વ્યર્થ હતું. એટલે મેં આજે નક્કી કર્યું છે કે મારે સુખ મેળવવાની ભાગદોડ વગર જીવવું છે. ફક્ત નિજ આનંદ માણવો છે. આ જ એક ફેરફાર કર્યો છે કે જેનાથી હું સાવ હળવો અને ખુશ હોઉં એવું દેખાય છે.' તાત્પર્ય એ કે સુખ પડછાયા જેવું છે. પીછો પકડીએ તો હાથણાં ન આવે. વર્તમાનમાં રહી દરેક પળને ભરપૂર જીવી લેવું એનું નામ છે 'સુખ'.

# કોરોના નવા પાઠ શિખવે છે

**તંત્રીસ્થાનેથી...**

સમયની બલિહારી છે. અગાઉ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજનેતાઓ, અભિનેતાઓ અને ફિલ્મસ્ટારો કે ખેલાડીઓ જ લાઈમલાઈટમાં રહેતા હતા. અત્યારે એ બધાને ઊંધે માથે પછાડી એક અદૃશ્ય ચાઈનીઝ વાઈરસ હેડલાઈનો કબજે કરી ચૂક્યું છે. એ યુગપ્રવર્તક અવતારની જેમ, પેલા ગીતાવાળા કૃષ્ણની માફક એનું વિરાટરુપ પ્રદર્શિત કરી રહ્યું છે : કાલો હ્યસ્મિ લોકક્ષય કૃતઃ પ્રવૃદ્ધઃ । બસ, હું સંહારકનો પાઠ ભજવવા આવેલ છું - નિરંતર વધુ ને વધુ વિશાળ સ્વરુપ ધારણ કરતો રહીશ! અર્જુનની બોલતી બંધ કરવા કુરુક્ષેત્રના મેદાનમાં કૃષ્ણને આવું વિરાટદર્શન કરાવવાની ફરજ પડી હતી. કોરોના સ્વરુપે કૃષ્ણ જ પાછા ફર્યા હોય એવું નથી લાગતું ?! ક્યાંક ટ્રમ્પ, ક્યાંક પુતિન, ક્યાંક જિનપિંગ અને ક્યાંક મોદી ગજા ઉપરાંતની ડંફાસો હાંકી દુનિયામાં એમના સિવાય બીજું કોઈ છે જ નહીં - એવો દેખાવ કરતા હતા. એ બધાએ કોરોનાએ ઘડીના છઠ્ઠા ભાગમાં હાંસિયે ધકેલી દીધા અને એમનાં વખાણ કરતાં માધ્યમોને ઘૂંટણિયે પાડી દીધાં. બધાએ પોતપોતાની હેસિયત મુજબ આ અદૃશ્ય ચાઈનીઝ 'જંતુ'ને મારી હટાવવા અને હરાવવાના હાકલા પડકારા કર્યા, ખૂબ ગાજ્યા પણ વરસ્યા ખરા ? અમેરિકાને કોરોનાએ સૌથી મોટી લપડાક મારી અને ફાંકાબાજ પ્રમુખને ખુરશી પરથી ઉઠાડી મૂક્યા ! કોરોના અને કેન્સર જેવી બીમારીઓએ દેશવિદેશમાં ધુરંધરોને કાં તો રાજકીય સંન્યાસ લેવા મજબૂર કરી દીધા છે અને અહમદ પટેલ જેવા પડદા પાછળના બાદશાહને વતનની માટીમાં પોઢાણી દીધા છે. અત્યાર સુધીની કોરોના સામેની લડતમાં સલામત રહ્યા છે તો એવા પ્રદેશો જે ચુપચાપ એની સામે જરૂરી સાવચેતી રાખી, કશાય હાકલા પડકારા વગર મૂંગે મોજે જીતી રહ્યા છે. કોરોનાના જનક ગણાતા ચીન પર એની માઠઈ અસર ફક્ત આંતરરાષ્ટ્રીય બહિષ્કાર સ્વરુપે જ થવા પામી છે, પરંતુ એથી એની વિસ્તારવાદી લુચ્ચી રાજનીતિ એણે પડતી નથી મૂકી. અમેરિકા ભારતને જ મદદ કરશે અને તાઈવાનમાં તો એ તીર તાકીને તૈયાર ઊભું છે એ છતાં ચીની ડ્રેગને ક્યાંક પીછેહઠ કરેલી સાંભળી? કોરોનાએ કરોડો લોકોને સકંજામાં લીધા અને યુરોપના અભિમાની દેશોની તો દાણોદાણ રેવડી કરી નાખી. હવે લોકો અમેરિકા-યુરોપના આર્થિક આકર્ષણથી મુક્ત થઈ કેનેડા, જાપાન, ન્યુઝીલેન્ડ કે સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશોમાં વસવાટ કરવાનું વિચારતા થઈ ગયા છે. કોરોનાનો આ પ્રભાવ યુગપ્રવર્તક ગણાય કે નહીં ? કતાર જેવા ખાડીના દેશને લોકો યુરોપ-અમેરિકાં કરતાં વધારે વસવાલાયક ગણવા લાગ્યા હોય ત્યારે શું સમજવું ? ઓસ્ટ્રેલિયાએ એની આબરૂ જાળવી રાખી છે. સૌથી વધારે દુર્દશા થઈ હોય તો અમેરિકા-યુરોપની અને ભારતની થઈ છે. ભારત કોઈને વસવાટ કરવાલાયક દેશ નથી લાગતો. અહીં બહુ બહુ તો ઈન્વેસ્ટમેન્ટ કરી શકાય, રહેવાય નહીં! રહેનારાને ક્યારેક કોવિડ હોસ્પિટલમાં ઓચિંતી ફાટી નીકળતી મધરાતી આગમાં ભડથું થઈ જવું પડે! આપણે અત્યારે દુનિયાની નજરમાં કેટલા હેઠા ઊતરી ગયા છીએ - એનો તો ઈતિહાસ લખાશે. રસીની દુનિયામાં કદાચ નંબર વન બની જઈ કોરોનામુક્ત ભારત ૨૦૨૪માં ફરીથી એના તારણહારનો જયજયકાર જરૂર કરી શકશે, પરંતુ કોઈ એકવાર દેશ છોડીને પરદેશ ગયું તે પાછું ફર્યું જાણ્યું ? આપણે આ મુદ્દે પણ થોડું ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ એમ નથી લાગતું?

# ઘણાંને ખરી ખબર નથી અને ખબર છે તે ખરું નથી!



**આરપાર**
**રાઘવજી માધડ**

ગામના શેઠની પથારી પરથી સાપ પસાર થયો.આ જાણ થતા શેઠ ગભરાઈ ગયા ને કહ્યું : 'સાપનો રસ્તો થઈ ગયો.ગમે ત્યારે કરડી જાય !'પછી શેઠ સાપના કરડવાથી નહીં પણ ડરના લીધે મૃત્યુ પામ્યા હતા.આ ભયજનક સ્થિતિ કોરોના સંદર્ભે પ્રસરી રહી છે.ઘણાં લોકોને કોરોના અંગેના સત્યની ખબર નથી અને ખબર છે તે સત્ય નથી.કારણ કે જે ન્યુઝ વાંચવા,સાંભળવા મળે છેતેમાં સત્ય કેટલું હશે તે ચિંતા અને સંશોધનનો વિષય છે. કોઈ એક જ ન્યુઝપેપરમાં વિરોધાભાસી સમાચાર હોય છે !એક બાજુ હોસ્પિટલના બેડ ખાલી હોવાનો દાવો હોયતો પડખે જ,કોરોનામાં પોઝીટીવ હોય એવા દર્દીને દાખલ કરવાની મહામારી સર્જાયાના સમાચાર હોય !વળી જે આંકડા રજુ થાય છેતે ભારે ભૂલભૂલામણી હોય છે.સાચું શું છે,તે ચિત્ર સ્પષ્ટ થઈ શકે નહીં.જેથી સામાન્ય માણસ ગફલતમાં રહી જાય.કોરોનાગ્રસ્તની સાંપ્રત સ્થિતિ ને સુવિધા અંગેની સાચી વિગતોથી વંચિત રહી જનારી આ પેઢી,ખરી હકીકત છૂપાવનારને ક્યારેય માફ નહીં કરે. સંવેદનાની થોડીકેય શરમ રાખી,માનવજીવન સાથેની આ રમત તત્કાળ બંધ થાય તે સૌના હિતમાં છે.

એક આશા હતી,દિવાળી પછી કોરોનાનો કહેર ઓછો થશે ને જનજીવનપૂર્વવત થવા લાગશે.પણ ભરોસાની ભેંસ પાડો જણીને ઉભી રહે તેવું થયું.આશા,નિરાશાને સાગમટે નોતરું દઈ બેઠી.કોરોના સુધરવાના બદલે વિનાશકપણે વકર્યો.સુશિક્ષિત નગર નેગેટીવ નહીં છતાંય પોઝીટીવ કેસમાં પરાકાષ્ઠાએ પહોંચ્યું !

પણ આ માટે કોરોના જરાય જવાબદાર નથી.તે ત્યાંનો ત્યાં જ છે.તેને એક જગ્યાએથી બીજી જગ્યા એ લઈ જવાની સુલભ સુવિધા,જનકલ્યાણ કેન્દ્ર જેમ આપણે જ પૂરી પાડી છે.ભીડ અને મેળાવડાએ કોરોના ને સંક્રમિત થવામાં કસર ન છોડી.ક્યાંક સાવચેતીનો અભાવ,અનાદર પણ એટલો જ જવાબદાર બન્યો. જીવવું હોયતો ઘરમાં મરો...આવું કોઈ કહેવા જાયતો સામે જવાબ મળે:'તમારે તો નોકરી છે.અમારે ઘરમાં રહી,ધંધા-કમાણી વગર ખાવું શું !?'વાત તો તદ્દન વાજબી છે.આખું અર્થતંત્ર ડામડોળ થઈ ગયું છે. ધંધા-રોજગાર ખોરવાઈ ગયા છે.દરેકને જીવવા માટે પેટનો ખાડો પૂરવો અનિવાર્ય છે.જીવવા માટે ખાવું છે કે ખાવા માટે જીવવું...આ વિધાનપણ કોરોનાગ્રસ્ત થઈ ગયું છે.પણ આમ જોઈએતો સંક્રમિત થવાના કારણોમાં ભીડને મેળાવડાની ભૂંડી ભૂમિકા હોય એવું નથી લાગતું ? અને સામાજિક,રાજકીય...ગમે તે કારણો હોય, ભીડ તો માણસ થકી જ થાય છેને !? આ નાજુક,સંવેદનશીલ સમયમાં કોઈ પર દોષનો ટોપલો ઢાલવ્યા સિવાય જાતે જ કાળજી લીધા જેવી છે. પોતાની સંભાળ અને જરૂરી સાવચેતી જ બેસ્ટ ને શ્રેષ્ઠ ઉપાય છે.

એક ભાઈએ બેફીકરાઈથી કહ્યું:'મોત કાલે આવતું હોયતો આજે આવે...તેમાં આટલું ભયભીત શું થવાનું !?'હા,ડરી જવાની કે ભયભીત થવાની જરૂર નથી.વળી મોત નિશ્ચિત છે.પણ મોત ન આવે ત્યાં સુધી જીવવાનું છે તે ભૂલવા જેવું નથી.જે લોકો કોરોનામાં સપડાયા પછી,બહાર આવ્યા છે તેમને પૂછો તન-મનની યાતના કેવી હોય ! જીવતાજાગતા દોખજમાં દહાડા પસાર કર્યા હોય છે !ઈચ્છીએ કોઈને આવા દિહાન દેખાડે !કોરાના ન થાય તે માટે શું કાળજી લેવી તેની જાણ હવે ઓવરફલો અવસ્થામાં છે, સૌ જાણે છે.માત્ર અસરકારક અમલ જ કરવાનો છે.વ્હોટસએપમાં એક મેસેજ હતા : અમુક હોસ્પિટલમાં જાનથી હાથ ધોવાના,અમુક એવી હોસ્પિટલમાં સંપત્તીથી હાથ ધોવાના..તેનાં કરતાં જાતે જ હાથ ધોવા શું ખોટા છે !?

**છેલ્લે :**

વ્યક્તિ પોતાના અંગત માણસો સાથે ક્યારેય જીતવાની હોડ બકતો નથી કારણ કે તેનાં સામે જીતવાનું નહીં પણ સાથે જીવવાનું હોય છે !

# શું તમે કોરોનાનું સત્ય જાણો છો ? વાંચો, આ રહ્યું સત્ય



**મોરપીંછના રંગ**
**ડૉ. કનૈયાલાલ ભટ્ટ**

વિશ્વભરમાં જે સૂક્ષ્માતિસૂક્ષ્મ કોરોના વાયરસે દસ લાખથી વધુ માણસોને મૃત્યુને ઘાટ ઉતાર્યા છે. એ કોરોનાનું સાચું સત્ય કોઈ નથી જાણતું. મને આશ્ચર્ય થાય છે કે વિશ્વની વાત જવા દઈએ તો આપણા દેશની અને રાજ્યની ગુજ્જુ પ્રજા એ કેમ નથી સમજતી કે આ ''વાયરસ'' છે. અને વિજ્ઞાનની પરિભાષા મુજબ કોઈપણ વાયરસનો પાયાનો ગુણધર્મ ''વિસ્તરવા''નો છે, એ હંમેશાં ફેલાતો જ રહે છે. પૃથ્વી ઉપર પ્રગટ થયેલા કોઈપણ વાયરસ આજસુધી ખતમ નથી થયા. તે વિસ્તરતા જ રહે છે, લોકોને ચેપ લગાવતા જ રહે છે. પણ જેની જેની વેકસીન (દવા) મળી ગઈ છે એ બધા વાયરસનો ડર આપણા મનમાંથી નીકળી ગયો છે. અને એ આપણને નુકશાન નથી કરતા. મેલરીયા, ડેગ્યુ, ઈબોલા, એચ.આઈ.વી, કેન્સર, વગેરે. મોટાભાગના વાયરસો આવે ત્યારે જીવલેણ જ હોય છે. અને તેની રસી આવે એટલે કન્ટ્રોલમાં આવી જાય છે. પણ ઘણા વાયરસો એવા છે જેની રસી દસ વીસ કે ત્રીસ વર્ષોથી વૈજ્ઞાનિકો શોધી રહ્યા છે પણ હજીયે મળી નથી. કોરોના આ બધાથી જુદો, વિશેષ અને ખતરનાક વાયરસ છે. એની દવા જલદીથી બની શકે એમ નથી. એ વાયરસની રચના જ એટલી સૂક્ષ્મ રીતે કરવામાં આવી છે કે તેની વેકસીન બનાવવામાં લાંબો સમય વિતી જવાનો. સો ટકા સફળ વેકસીન બનશે કે નહીં એ તો હજી વિશ્વભરના વૈજ્ઞાનિકોને પણ ખબર નથી. મને એ વાતનું આશ્ચર્ય છે કે દુનિયામાં, દેશમાં ને આપણા રાજ્યમાં પણ કોરોનાથી મૃત્યુ પામનાર મોટાભાગના લોકો શિક્ષિત છે. કેમ કે તેઓએ કોરોનાને હલકેથી લીધો હતો. હું નથી માનતો કે દુનિયામાં કોઈને મૃત્યુનો ભય ના હોય, ભલે કોરોનામાં મૃત્યુનો ચાન્સ બે કે ત્રણ ટકા જ હોય. પણ એ બે ત્રણ ટકામાં આપણે ય આવી શકીએ છીએ. અને જેઓ એવું માનતા હતા કે આપણને કાંઈ ના થાય તેઓ આજે ઘરની દીવાલ પર તસવીર થઈ ગયા છે. અથવા હોસ્પિટલોમાં છે. આજે તો સોશિયલ મીડિયા પર એવી રમુજ પણ થાય છે કે સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ગયા તો જીવ ગુમાવશો અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે ગયા તો સંપતિ ગુમાવશો. આ રમુજમાં ઘણુબધુ સત્ય પણ છે. કેમ કે મારા પિતરાઈ ભાઈ ખાનગી હોસ્પિટલમાં કોરોના સારવારનું સાડા પાંચ લાખનું બીલ ચૂકવીને આવ્યા છે. આમ છતાંય આપણને ડર નથી. કેમ કે આપણે સૌ તો સરહદ પર લડતા સૈનિકોથી વધુ જાંબાઝ છીએ, કોરોનાની ઐસી તૈસી કરીને, આપણા જીવને, પરિવારને જોખમમાં મૂકીને પહેલાની જેમ જ નોકરી ધંધે લાગી ગયા છીએ, નોર્મલ જીવન જીવતા થઈ ગયા છીએ.


અત્યારે હવે ફરી એકવાર અખબારો, ટી.વી. ન્યૂઝ ચેનલોએ સોશિયલ મીડિયા ઉપર કોરોના પ્રસરવા લાગ્યો છે તેથી આપણને લાગે છે કે કોરોના ફરી વકર્યો છે. અને હવે કોરોના એના પીકઅપમાં, ત્રીજા વેવમાં આવી ગયો છે. મીડિયા કહે છે તેમ આ પીકઅપ વધે કે ઘટે એવું હોતું નથી. વાયરસનું સંક્રમણ હંમેશાં વધતું જ રહે છે. એ ધીમો કે ઝડપી પણ હોતો નથી. દરેક ચેપી માણસ બીજા કેટલા લોકોના સંપર્કમાં આવીને કેટલા ગૂણાંકમાં બીજાને ચેપગ્રસ્ત બનાવે છે. એના ઉપર આધાર રાખે છે. ધારો કે એક ચેપી માણસ દરરોજ ત્રણ વ્યક્તિને ચેપગ્રસ્ત બનાવે છે તો સત્તરમાં દિવસે આ આંકડો કુલ વીસ કરોડની પાર પહોંચે છે. અને દુનિયામાં આમ જ સંક્રમણ થતું રહ્યું છે. ફર્ક એટલો છે કે આનું સાચું સત્ય કોઈપણ દેશે પોતાની પ્રજા સામે મૂક્યું નથી. આજે આપણા દેશના પ્રત્યેક ઘરની આસપાસ, પ્રત્યેક સોસાયટીમાં કોરોના આવી તો ગયો જ છે. બસ હવે આપણા ઘર સુધી પહોંચવાની વાર છે. અને એ પણ નક્કી નથી કે બાજુવાળા બચી ગયા તો આપણે ય બચી જઈશું. વળી આપણે એ પણ જાણવું જોઈએ કે બહારના કોરોનામાં જીવ નથી. આંખ, કાન કે પાંખ નથી. કે તે ઊડતો ઊડતો આવીને આપણા સુધી આવે. તેને પગ પણ નથી. તે પોતાના સ્થાનથી હલી પણ શકતો નથી. છતાંય તે ચીનના વુહાન શહેરથી શરું થઈને આખી દુનિયાના મોટાભાગના દેશોની મુસાફરી કરતો કરતો ભારતમાં, ગુજરાતમાં, આપણા શહેરમાં, આપણી સોસાયટીમાં અને હવે આપણા ઘરની આસપાસ આવી પહોંચ્યો હોય તો એ આવનારા દિવસોમાં તમારા ઘર સુધી કેમ નહીં પહોંચે ? જેમને જેમને કોરોના થયો છે એમણે સૌએ તકેદારી રાખી જ હતી. છતાંય કોરોના થયો અને ઘણાએ જીવ પણ ગુમાવ્યો. કારણ આપણી જેમ જ એ સૌ એ પણ પોતપોતાના કામ ધંધા, નોકરી, ઓફિસ, મિટિંગો, મુલાકાતો, બિન જરૂરી પ્રવૃત્તિઓ ... બધુ જ શરું કરી દીધુ હતું. બહાર જતી વખતે માસ્ક તો પહેરીએ જ છીએ પણ ઘરમાં આવીને ઉતારી લઈએ અને હાથ સાફ કરીએ છીએ. પણ કોરોના એટલો સૂક્ષ્મ છે કે એ તમારા માથાના એક વાળ ઉપર કે ખભા ઉપર, કપડા ઉપર કે આંખની પાંપણ ઉપર બેસીને હજારો કોરોના તમારા ઘરમાં, મોંમાં ને શ્વાસમાં પ્રવેશી શકે છે. જીવ ગુમાવનાર તમામ લોકો સાથે આવું જ થયું છે. ગમે તેટલી સફાઈ કરવા છતાંય દરરોજ આપણા ઘરમાં ઊડીને ડસ્ટ આવે જ છે. બસ એમ જ કોરોના પણ પ્રસરી રહ્યો છે. જેમની ઈમ્યુનિટી પાવરફૂલ છે. જેમના શરીરમાં ફાસ્ટફૂડનો કચરો નથી ગયો તેઓને કોરોના કાંઈ નથી કરી શકવાનો છતાંય તેઓ સંક્રમિત થવાથી બીજાને તો ચેપગ્રસ્ત કરી જ શકે છે.

મિત્રો, દુનિયાના કોઈપણ વાયરસનો ફેલાવો દિવસે ને દિવસે વધતો જ જાય છે. એની વેકસિન (દવા) ના આવે ત્યા સુધી એ પ્રસરતો જ રહેશે, નબળા, રોગીષ્ટ અને બેદરકાર લોકોને મૃત્યુના સંકજામાં લેતો પણ રહેશે. આપણે આ ત્રણ કેટેગરીમાંથી એકમાં તો આવીએ જ છીએ. નબળા કે રોગીષ્ટ નથી પણ બેદરકાર તો છીએ જ. આપણી આ બેદરકારી અથવા સાવચેતી હોવા છતાંય એકાદ નાની ભૂલ આપણા તથા પરિવારના જીવને જોખમમાં નાખશે એ પણ નક્કી છે. તેથી હજીયે જો તમે કોરોના મૂક્ત રહ્યા છો અને રહેવા ઈચ્છો છો તો આજથી જ તમામ બિનજરૂરી કાર્યો, પ્રવૃત્તિઓ બંધ કરીને ઘરમાં રહીશું તો બચી શકીશું. સંક્રમણ વધતું અટકાવી શકીશું. અને એ માટે કોઈ સરકાર નહીં સ્વયમે સમજવું પડશે. સજ્જ રહેવું પડશે. જે લોકો નોકરી ધંધો કરે છે તેઓ ઘરની બહાર જાય ત્યારે જ ઘરની બધી જ જરૂરી ચીજ વસ્તુઓ લેતા આવે. તો અન્ય કોઈએ બહાર જવાની જરૂર ના પડે, હોસ્પિટલ સિવાયના તમામ કાર્યો રદ કરી બહાર જવાનું ટાળો. તો હજીયે કોરોનાનું સંક્રમણ વધતું રોકી શકાશે. પણ આપણે આપણા અને પરિવારના જીવના જોખમે બધુ જ પહેલાની જેમ શરું કરી દીધું છે. પાન,માવો, પાણીપુરી, ફાસ્ટફૂડ, હૉટેલ, બધુ જ શરું થઈ ગયું છે. આ બધા દ્વારા ક્યારે તમારા શરીરમાં કોરોના પ્રવેશી જશે એની તમને ખબર પણ નથી પડવાની. અસંખ્ય લોકોને મળવાનું, ઓફિસે, ઘેર બોલાવવાનું શરું કરી દીધું છે. મિટિંગો, પ્રોગ્રામો, લગ્નપ્રસંગો, રાજનીતિક રેલીઓનો ધમધમાટ શરું થઈ ગયો છે. મંદિરો, મસ્જિદો, ધાર્મિક ઉત્સવો, મેળાવડાઓ શરું થઈ ગયા છે. સામાજિક, પારિવારિક પ્રસંગોમાં આવન જાવન શરું થઈ ગઈ છે. બસ, ટ્રેન, ફ્લાઈટના પ્રવાસો ચાલું છે. આ બધી જ જગ્યાએ કોરોના છે જ. અને કોરોના શરીરમાં પ્રવેશ્યા પછી ત્રણ ચાર દિવસ પછી શરીરનું તાપમાન વધે છે ત્યા સુધીમાં આપણે અનેકને સંક્રમિત કરી ચૂક્યા હોઈએ છીએ. તેથી આજે નોર્મલ ટેમ્પરેચર વાળી વ્યક્તિ પણ કોરોના સંક્રમિત હોઈ શકે છે.

મિત્રો, કોરોનાનું સત્ય એ છે કે એ વેકસિન ના આવે ત્યાં સુધી જીવ માટે જોખમી છે છે અને છે જ. જો તમને લાગતું હોય કે જીવ ભલે જાય પરિવારને ભલે કોરોના થાય પણ નોકરી ધંધો તો કરવો જ છે. બહારનું જમવું તો છે જ. મિત્રો સાથે, પરિવાર સાથે બહાર ફરવા તો જવું છે. વાર તહેવારો તો ઉજવવા જ છે. પ્રસંગોમાં હાજરી તો આપવી જ છે. આપણી આવી માનસિકતા જ્યા સુધી નહીં બદલાય ત્યા સુધી કોરોનાને દુનિયાની કોઈ સરકાર હરાવી નહીં શકે. કોરોના વિકરાળ બનતો જવાનો છે. હજી તો મૃત્યુ આંક લાખોની સંખ્યામાં છે. જો આપણે નહીં સુધરીએ તો આવનારા સમયમાં એ મૃત્યુઆંક કરોડોમાં હશે અને એમાં એક નામ આપણું કે આપણા પરિવારનું પણ હોઈ શકે છે.

હે મિત્રો, કોરોના તમારા ઘરમાં પહોંચે એ પહેલા એની વેકસિન તમારા ઘર સુધી પહોંચે એ માટે સરકાર તમામ પ્રયાસો કરી રહી છે. તેથી ત્યા સુધી આપણે સૌએ માત્ર સાવચેત જ નહીં સખણા પણ રહેવું પડશે. ઘરમાં રહો, સૂરક્ષિત રહો.

# બાંકડા પાઠવે છે, નૂતન વર્ષાભિનંદન!



**મનના ઉમંગો**
**રણછોડ પરમાર**

છેલ્લી બેઠકમાં અબ્દુલ નવા વર્ષના મુહૂર્તમાં પેંડા અને નારિયેળ રાખવાની જાહેરાત કરી હતી એટલે આજે નવનીતલાલ સૌથી પહેલાં આવી ગયા છે. પણ હજી અબ્દુલ દુકાન ઉઘાડતો હતો. ત્યાં કરશનભાઈ આવે છે.

કરશનભાઈ:-ઓહો ! નવનીતલાલ તમે આજ સૌથી પહેલા આવી ગયા છો પેંડા ખાધા કે નહીં? નવનીતલાલ:- અરે ભાઈ ! હજી તો અબ્દુલ દુકાન ઉઘાડે છે. ખબર નહીં પેંડા લાવ્યો છે નહીં ! અબ્દુલ:- નવનીતભાઈ, ચિંતા ના કરશો. પેંડા અને નારિયેળ લાવ્યો છું. ખાલી પાંચ મિનિટ લ્યો આ છાપું વાંચો ત્યાં સુધી હું દુકાન સાફ કરી ગોઠવી દઉં. નવનીતલાલ છાપું લઈ વાંચવા માંડે છે. ત્યાં પ્રસન્નભાઈ અને દર્શનભાઈ આવે છે.

દર્શનભાઈ:- કમાલ છે ! આજે નવનીતલાલ સૌથી પહેલાં આવી ગયા લાગે છે. પેંડા ખવાઈ ગયા કે શું ? અને નવનીતલાલ કવિતા કહેવાના બદલે છાપું કેમ વાંચે છે ? છાપામાંથી કવિતા શોધે છે કે શું ?નવનીતલાલ: અરે ભાઈ ! હજુ તો દુકાનની સાફસૂફી ચાલે છે. કરશનભાઈ:- અરે પ્રસન્નભાઈ, આ લોકોને સમજાવો કે અહીં કોઈએ પેંડા ખાધા નથી. અને શ્રીફળ વધેરવાનુંય બાકી છે. નવનીતભાઈ:- હા, પણ શ્રીફળ અબ્દુલ વધેરવાનો છે કે આપણામાંથી કોઈએ વધેરવું પડશે.

અબ્દુલ: એ વાત બરોબર, કરશનકાકા તમે અમારા વડીલ છો, તમે જ વધેરો તો સારું. કરશનભાઈ:- ભાઈ ભલે હું વડીલ રહ્યો, પણ જેને પેંડા ખાવા છે એને જ વધેરવા દો ને ? પ્રસન્નભાઈ:- હા, હા. નવનીત ભાઈ તમે જ શ્રીફળ વધેરો. એટલામાં હર્ષદભાઈ અને પરવતભાઈ આવે છે. હર્ષદભાઈ :- ઓહો ! નવનીતભાઈ ને બધાયે આવી ગયા છે ને ? કાંક પેંડા અને શ્રીફળની વાત ચાલતી લાગે છે. કોણ ખવરાવે છે પેંડા ? અને કોણ ચા પીવરાવવાનું છે. જો કવિતા પતી ગઈ હોય તો ચા મંગાવો યાર ! બરાબર ને પરબતભાઈ ? કરશનભાઈ:- અરે મારા ભાઈ, ચા-પેંડા- નારિયેળ બધ્ધું મળશે. એકવાર નવનીતભાઈને નારિયેળ વધેરવા તો દો. અબ્દુલ, તું નારિયેળ નવનીતલાલને આપ. જોડે પેંડાનું ખોખું પણ આપ. અને નવનીતભાઈ તમે, રણછોડરાયના મંદિર સામે નારિયેળ ધરી ઝટ વધેરવાનું કામ કરો.

અબ્દુલ: હા, નવનીતભાઈ, લો આ નારિયેળ અને લો આ પેંડાનું પેકેટ. નવનીતલાલ:-પણ કરશનકાકા દીવોબીવો કરવાનો કે નહીં? કે અબ્દુલને એવું બધું ચાલે! અબ્દુલ :- અરે શુ કામ ચાલે ? દીવો પણ તૈયાર છે. લો નવનીતભાઈ લો આ દીવો અને માચીસ . તમે એકવાર દીવો પ્રગટાવી રણછોડરાયની જે બોલી નારિયેળ વધેરો પછી હું પ્રાયમસને પંપ મારું અને આ વરસના ધંધાનું મુહૂર્ત કરું. નવનીતલાલ:- અરે વાહ, અબ્દુલ વાહ ! તેં તો બહુ સરસ તૈયારી કરી છે. આ વરસે તારો ધંધો જોરદાર ચાલવાનો. નવનીતલાલ ડાકોરવાળા રણછોડરાયના મંદિરની દિશામાં દીવો મૂકે છે. પછી ''બોલો રણછોડરાયની જય'' બોલી નારિયેળ વધેરે છે. અબ્દુલ સહિત બધા જોરથી જય બોલે છે. એક જ ફટકે નારિયેળના બે કાચલા થઈ જાય છે. અબ્દુલ નારિયેળનું પાણી ઝીલી લેવા કપ લઈને દોડે છે પણ પાણી મળતું નથી. નારિયેળની શેષ કાઢવા અબ્દુલ ચપ્પુ આપે છે. કરશનભાઈ:- અબ્દુલ, તારું મુહૂર્ત થઈ ગયું. હવે તું સરસ કડક મીઠી ચા બનાવ. આ વરસનું મુહૂરત નવનીલભાઈએ કર્યુંછે એટલે આજે નવનીતભાઈ ચાના પૈસા આપશે. કંઈ વાંધો નથી ને નવનીતભાઈ ? નવનીતલાલ:- વાંધો ? અરે મને શાનો વાંધો હોય ? પણ પછી હું કવિતા વાંચવાનું શરુ કરું ત્યારે કોઈ ભાગવા ના માંડતા.

કરશનભાઈ:- અરે ભાઈ, દરેક કવિતાની ચા પીવરાવતો હોય તો અમે શું કામ ભાગીએ, ખરું ને પ્રસન્નભાઈ ? પ્રસન્નભાઈ:- કવિતા અમે સુખેદુઃખે સાંભળી લઈશૂં તું તારે ચા પીવરાવતો રહેજો. દર્શનભાઈ:- રહેજો.ના ભાઈ હો, મારાથી દરવખતે બેત્રણ ચા ના પીવાય. મારે તો ડાયાબીટીશ લાઈન પર છે. પ્રસન્નભાઈ: અરે ડાયાબીટીશવાળાને તો આમની કવિતા કડવી દવાની ગરજ સારશે. નવનીતભાઈ:- જુવો કરશનકાકા, જુવો આ દર્શન દુખિયો કેવું બોલે છે ? શું મારી કવિતા એટલી બધી ખરાબ હોય છે ? કરશનભાઈ :- ના સાવ એવું તો મારાથી નહીં કહેવાય ! કોઈ કોઈવાર સારી કવિતા આવે છે પણ ખરી. જુવોને ગયા વખતે ''કોરોના કેમ જાતો નથી'' એ કેટલી સરસ હતી ! એમાં તો તમે બધાએ ખુશ થઈને કેટલી બધી તાળીઓ પાડી હતી ? અને ભાઈ દર્શન. હું કાયમ કહું છું કે તું શું કામ કવિને દુઃખી કરે છે ? જે સમાજ કવિને દુખી કરે છે એ સમાજનો નાશ થાય છે એ પણ મારે દર વખત કહેવાનું? હર્ષદભાઈ:- હા, અને કમસેકમ આપણે સમાજનો નાશ થતો અટકાવવા પણ નવનીતભાઈની કવિતા સાંભળવી જોઈએ એવું પણ મારે તમને દર વખત સમજાવવાનું? કરશનભાઈ :- કવિતાની વાત છેલ્લે રાખો. પહેલાં અબ્દુલના મુહૂર્તની પેંડા ખાવ, શ્રીફળ ખાવ અને પછી ચા પીવો. અબ્દુલ પેંડા અને શ્રીફળની શેષ બધાને વહેંચવા માંડે છેણ્ દર્શનભાઈ:- અરે ભાઈ નવા વરસમાં શું કર્યુંએ તો કહો? કરશનભાઈ:- આ વખતે કોઈના ઘેર જવાનું ન હતું, કોઈ આપણા ઘેર આવવાનું ન હતું, એટલે ખાસ કંઈ કરવાનુંય નહોતું. મેં બાલકનીમાં બેઠા બેઠા રસ્તા પરથી નીકળતા બધા ઓળખીતાંને જયશ્રી કૃષ્ણ કહી દીધા. પણ એક વાત કહેવી પડે કે કોઈના મોંઢા પર ઉમંગ દેખાતો ન હતો.

પરવતભાઈ:- અરે કાકા, હવે જ્યાં એક સાંધે ત્યાં તેર તૂટે એવી હાલત હોય ત્યાં લોકોના ચહેરા પર ઉમંગ ક્યાંથી દેખાય ? કરશનભાઈ:- છતાં આપણે આવી મહામારીમાં સાજાસમા રહ્યા છે એ ભગવાનની મહેરબાની છે. તે માટે આપણે પ્રભુનો આભાર માનવો જોઈએ. પ્રસન્નભાઈ:-હું વળી દર્શન કરવા મંદિરે ગયો. મને એમ કે કોઈ નહીં આવે પણ જઈને જોઉં તો ભારે ભીડ. લોકો કોરાનાની વાત જ જાણે ભૂલી ગયા છે. પરબતભાઈ :- હા, છાપામાં ભીડના ફોટા આવ્યા છે અને કેટલાય લોકો માસ્ક વગરના દેખાય છે. નવનીતલાલ:- તો એનું પરીણામ પણ આવ્યું ને ? અમદાવાદ,વડોદરા,સુરત બધે કેસ વધી ગયા કે નહીં ? કરશનભાઈ :- લોકો સમજતા જ નથી તો સરકાર શું કરવાની, તહેવાર સમજીને સરકાર નરમ પડી તો લોકો ઉમટી પડ્યા. ખરું કે નહીં દર્શનભાઈ ? દર્શનભાઈ:- હા, હા, તમારી વાત સાચી છે આપણે નહીં સમજીએ તો કેસ વધવાના જ છે. પછી કહેવાનું કે સરકાર કંઈ કરતી નથી. પરવતભાઈ:- તમને ખબર છે ? પેલો જીવણ આ તહેવારમાં ફેમીલી સાથે આબુ ફરવા ગયો હતો. આવ્યો ત્યારે કોરોના લેતો આવ્યો. નવનીતલાલ:- અને પેલા ચિંતનની વહુ આબુથી શરદી અને કફ લેતી આવી. દર્શનભાઈ:- એ તો ઠીક , પણ પેલો આ સાલ રિટાયર્ડ થયો છે તે તનસુખ દીવમાં જઈને ટાંટિયો ભાંગી આવ્યો એ ખબર છે? પ્રસન્નભાઈ: અરે ભાઈ, એ તો દારુ પીને ક્યાંક ગબડી પડ્યો હશે, બીજું શું? કરશનભાઈ:- આટલા દાખલા પરથી એટલું સમજાય છે કે આપણે સરકારની વાત માનીને ઘેર રહ્યા તો કશુંયે ગુમાવવું પડ્યું નથી. બધા: બરાબર, બરાબર.

અબ્દુલ :- ચાલો ભાઈઓ, ચા એકદમ તૈયાર છે. ફટાફટ પીવા ના માંડતાં, એકદમ ગરમ છે. બધા ચાના વખાણ કરતા કરતા ચા પીવે છે. ચા પીધા પછી બધા ચાલવા માંડે છે ત્યાં નવનીતલાલ ખિસ્સામાંથી કવિતાનો કાગળ કાઢે છે તે જોઈ બધા ચમકે છે. નવનીતલાલ:-એમાં ચમકો છો શા માટે ? જેમ અબ્દુલે મુહૂર્ત કર્યું એમ મારે કવિતાનું મુહૂર્ત કરવાનું કે નહીં. અને કવિતા પત્યા પછી હું તમને કાજુ કતરી ખવરાવીશ.

દર્શનભાઈ:- એ ભાઈ, એમ કાજુ કતરીની લાલચ આપીને અમારા માથા ઉપર કવિતા ફટકારવાની વાત ના કર. હા, મુહૂર્તની વાત ઠીક છે. બેસો ભાઈઓ બેસો, કરશનદાસ:- હા બેસો બધા. એને પણ મુહૂર્ત કરવાનું મન થાય કે નહીં? અબ્દુલ, એની કવિતા પતે લગી ચા બનાવી દે, જરા સ્ટ્રોંગ બનાવજે.

બધા લમણે હાથ મૂકી બેઠા. પણ કવિતા આગળ વધતા કપાળેથી હાથ નીચા થઈ ગયા. થોડીવારમાં બધાના ચહેરા હસુ હસુ થઈ ગયા અને છેલ્લે તો બધાના હાથતાળીઓ પાડવા માંડ્યા. દર્શન દુખિયો તો હરખનો માર્યો ભેટી પડ્યો. દરેકના ચહેરા પર એક જ વાત હતી, '' ચાલો મુહૂરત તો સારું થયું.''